# સંશોધન નિયામકશ્રીની કચેરી
આણંદ કૃષિ યુનિવર્સિટી
આણંદ-૩૮૮ ૧૧૦


વંચાણે લીધો : ઉદ્યોગ કમિશનર અને મધ્યસ્થ સરંજામ ખરીદ અધિકારીશ્રીની કચેરી, ગાંધીનગરના પત્ર ક્રમાંક નં. ઉક/સખ/પૂર્વમંજુરી/૧૭૨૬૦૨૬ તા.૧૯/૦૬/૨૦૨૧

## પરિપત્ર

આથી આણંદ કૃષિ યુનિવર્સિટીના તમામ યુનિટ/સબ યુનિટ અધિકારીશ્રીઓને જણાવવાનું કે, વંચાણે લીધેલ સંદર્ભિત પત્રથી ઉદ્યોગ કમિશનર અને મધ્યસ્થ સરંજામ ખરીદ અધિકારીશ્રીની કચેરી, ગાંધીનગર દ્વારા નીચે દર્શાવ્યા મુજબના એનેક્ષર-૧માં દર્શાવેલ ક્રમ નં. ૮, ૯, ૧૪, ૧૫ અને ૧૬ મુજબની વસ્તુઓ/કામગીરી <u>સિવાયની</u> વસ્તુઓ માટે GeM બહારથી ખરીદી કરવા NOC આપવામાં આવેલ છે (નકલ સામેલ છે). જેથી સદર NOCનો ઉપયોગ કરીને દરેક કેન્દ્ર/વિભાગે GeM બહારથી યુનિવર્સિટી તથા સરકારશ્રીના નિતિ-નિયમોનુસાર ખરીદી કરવાની રહેશે જે જાણ સારૂ.

વધુમાં, સંદર્ભિત પત્રમાં જણાવ્યાનુસાર એનેક્ષર-૧માં દર્શાવેલ ક્રમ નં. ૮, ૯, ૧૪, ૧૫ અને ૧૬ મુજબની વસ્તુઓ/કામગીરી માટે GeM પરથી Custom Bid કરી ખરીદી કરવા જણાવેલ છે. જેથી સદર વસ્તુઓ ખરીદ કરવા માટે GeM પર Custom Bid કરવી. જો Custom Bid કર્યા બાદ પણ ખરીદી શકય ન હોય તો અત્રેની કચેરીના પરિપત્ર જા.નં. આકૃયુ/સંનિ/ટી.૧/ ૨૫૭૪/૨૦૨૧ તા.૦૯/૦૬/૨૦૨૧ અનુસાર તમામ જરૂરી પુરાવાઓ સાથે અત્રેની કચેરીએ NOC માટે દરખાસ્ત કરવી.

સામેલ : ઉપર મુજબ

જા.નં. આ.કૃ.યુ/સં.નિ./ ટી.૧/ ૨૮૭૯ /૨૦૨૧
તા.૨૨ /૦૬/૨૦૨૧

સંશોધન નિયામક અને
અનુસ્નાતક વિધાશાખાધ્યક્ષ

<u>નકલ રવાના પ્રતિ,</u>
આણંદ કૃષિ યુનિવર્સિટીના તમામ યુનિટ/સબ યુનિટ અધિકારીશ્રીઓ તરફ જાણ તેમજ ઘટતું થવા સારૂ.

<u>એનેક્ષર-૧</u>

| ક્રમ | વસ્તુઓ / કામગીરી | રીમાર્કસ |
|---|---|---|
| ૧ | છાણીયા ખાતર કે કુદરતી રીતે ઉત્પાદિત પ્રકારના અન્ય ખાતરો / ખોળ / રાસાયણિક ખાતરો | NOC મળેલ છે |
| ૨ | રોપ ઉછેર માટેના મિડીયા જેવા કે કોકપીટ, વર્મીકયુલાઇટ, પર્લાઇટ વિગેરે | NOC મળેલ છે |
| 3 | બાગાયતી તેમજ ખેતી સંલગ્ન નાના-મોટા યંત્રો / ઓજારો / વાહનોની મરામતની બાબત | NOC મળેલ છે |
| ૪ | નિદર્શનો / લેબોરેટરી માટે જરૂરી પરચુરણ સામગ્રી | NOC મળેલ છે |
| ૫ | જંતુનાશકો, કીટનાશકો, ફુગનાશકો, નીંદણનાશકો, અંતઃસ્ત્રાવો, પરિક્ષણ માટેના તેમજ અન્ય કૃષિલક્ષી રસાયણો | NOC મળેલ છે |
| ૬ | શાકભાજી અને ફળોની બનાવટો માટે જરૂરી ટીન, બોટલ, પ્રીઝર્વેટીવ, શાકભાજી-ફળ ખાધ કલર એસેન્સ, મીનરલ મીક્ષર માટે મિનરલ સોર્સ | NOC મળેલ છે |
| ૭ | લેબોરેટરી સંલગ્ન રસાયણો | NOC મળેલ છે |
| ૮ | લેબોરેટરીમાં જરૂરી ગ્લાસવેર્સ | Custom Bid કરવી |
| ૯ | લેબોરેટરીમાં જરૂરી પ્લાસ્ટિકવેર્સ | Custom Bid કરવી |
| ૧૦ | વેટરનરી મેડીસીન્સ અને વેકસીન | NOC મળેલ છે |
| ૧૧ | પૃથ્થકરણ, નિદાન અને ચકાસણી માટે વપરાતાં બ્રાન્ડેડ તથા કિમંતી વૈજ્ઞાનિક ઉપકરણોનું મરામત, ચોકકસ સ્પેરપાર્ટસ, લેબોરેટરી સાધનની સીસ્ટમ / સોફટવેર અપગ્રેડ અને વાર્ષિક નિભાવણી કરાર | NOC મળેલ છે |
| ૧૨ | ઇલેકટ્રીક રીપેરીંગ તથા સંલગ્ન કામગીરી | NOC મળેલ છે |
| ૧૩ | ગાય, ભેંસ, મરઘા વિગેરે પ્રાણીઓના ખોરાક જેમ કે, મકાઇ, દાણ, ખોળ, મોલાસીસ, લીલો/સુકો ઘાસચારો વિગેરે | NOC મળેલ છે |
| ૧૪ | બિયારણ પેકીંગ માટેના મટીરીયલ્સ | Custom Bid કરવી |
| ૧૫ | મોલીકયુલર કીટસ | Custom Bid કરવી |
| ૧૬ | ડાયગ્નોસ્ટીક કીટસ | Custom Bid કરવી |
| ૧૭ | પિયત અને સુક્ષ્મ પિયત માટેના સાધનો / સિસ્ટમની મરામત | NOC મળેલ છે |
| ૧૮ | રક્ષિત ખેતી અંગેના એકમો ઉભા કરવા અને તેના નિભાવ-મરામત અંગેની બાબતો | NOC મળેલ છે |
| ૧૯ | લીલા પડવાશ માટે શણ, ઈકકડ તથા અન્ય પાકના જરૂરી બિયારણ, છોડના રોપા અને અન્ય પ્લાન્ટીંગ મટીરીયલ્સ | NOC મળેલ છે |
| ૨૦ | ડી.એન.એ. સીકવનસીંગ – બાયોલોજીકલ સેમ્પલ (બેકટેરીયા/ફૂગ/વાઇરસ અન્ય) – સેવાઓ | NOC મળેલ છે |
| ૨૧ | કસ્ટમ પ્રાઇમર સીંથેસીસ / કસ્ટમ ઓલીગો ન્યુકલીઓટાઇડ સીંથેસીસ – સેવાઓ | NOC મળેલ છે |

ક્રમાંક:ઉક/સખ/પૂર્વમંજૂરી/૧૭૨૬૦૨૬
ઉદ્યોગ કમિશનર અને મધ્યસ્થ
સરંજામ ખરીદ અધિકારીની કચેરી,
બ્લોક નં: ૧/૨ ,૫મો માળ,
ઉદ્યોગ ભવન,ગાંધીનગર
તા:૧૮/૦૬/૨૦૨૧

પ્રતિ,
સંશોધન નિયામકશ્રી અને અનુસ્નાતક વિદ્યાશાખાધ્યક્ષશ્રી,
સંશોધન નિયામકશ્રીની કચેરી,
આણંદ કૃષિ યુનિવર્સિટી,
આણંદ-૩૮૮૧૧૦

વિષય:- NOC આપવા બાબત.
સંદર્ભ:૧)આપના પત્ર ક્રમાંક:આકૃયુ/સં.નિ/ટે-૧/૧૨૨૧૮૧૯/૨૦૨૧, તા.૧૫/૦૩/૨૦૨૧
૨) આપના પત્ર ક્રમાંક:આકૃયુ/સં.નિ/ટે-૧/૧૯૮૮/૨૦૨૧, તા.૦૬/૦૫/૨૦૨૧

શ્રીમાન,

ઉપરોક્ત વિષય અને સંદર્ભદર્શિત પત્ર-(૧)માં દર્શાવેલ પત્રમાં વી-મિક્ષર સેટની ખરીદી માટે GeM Portal પરથી Custom Bid કરી મેળવી શકાય છે અને સંદર્ભદર્શિત પત્ર-(૨) સાથે સામેલ એનેક્ષર-૧ માં દર્શાવેલ ક્રમ નં. ૮, ૯, ૧૪, ૧૫ અને ૧૬ વસ્તુઓ/કામગીરી માટે GeM Portal પરથી Custom Bid કરી મેળવી શકાય છે જયારે આ સિવાય એનેક્ષર-૧ની અન્ય તમામ વસ્તુઓ/કામગીરી માટે GeM પોર્ટલ પર ઉપલબ્ધ ન હોઇ, ચાલુ નાણાકીય વર્ષ માટે GeM સિવાય પ્રવર્તમાન ખરીદ નીતિ અને ખરીદ પધ્ધતિ મુજબ નિયમોનુસાર ખરીદીવા માટે મંજૂરી આપવામાં આવે છે.

(માન.ઉ.ક.શ્રીની મંજુરીથી)

આપનો વિશ્વાસુ,

સંયુકત ઉદ્યોગ કમિશનર(સ.ખ)

Office of the Director
of Research A.A.U., Anand
21 JUN 2021
Inward No. 2718